# ઓનલાઈન પ્રવેશ મેળવેલ એક્ષટર્નલ વિદ્યાર્થીઓએ
## Student Permenant ID (SPID) No. દ્વારા Student Dashboard ચેક કરવાની પ્રક્રિયા

એક્ષટર્નલ અભ્યાસક્રમ **<u>Arts Faculty</u>** : B.A/ M.A તથા **<u>Commerce Faculty</u>** : B.Com/ M.Com ના પ્રથમ વર્ષમાં પ્રવેશ ફોર્મ ભરેલ અને યુનિવર્સિટી વેરીફિકેશન થયા બાદ જે વિદ્યાર્થીનું એક્ષટર્નલ અભ્યાસનું ફોર્મ માન્ય કરેલ છે તેની યાદી યુનિવર્સિટી વેબસાઈટ vnsgu.ac.in ઉપર મૂકવામાં આવેલ છે. આ યાદીમાં વિદ્યાર્થીનું નામ, પરીક્ષા કેન્દ્ર, એનરોલમેન્ટ નંબર, SPID નંબર દર્શાવેલ છે.

- વિદ્યાર્થીએ સૌપ્રથમ વેબસાઈટ vnsgu.net ઉપર **Student Login Actvation** પર કલીક કરીને User Name માં તેનો SPID નંબર તથા દર્શાવેલ Captcha નાખવાથી OTP કે જે તેના રજીસ્ટર્ડ E-Mail ઉપરથી મળશે અને નવો પાસવર્ડ બનાવવાની એક લીંક મળશે જે લીંક ઉપર કલીક કરવાથી આવેલ OTP નાખીને પાસવર્ડ બનાવવાનો રહેશે. **<u>OR</u>**
- વિદ્યાર્થીએ સૌપ્રથમ વેબસાઈટ vnsgu.net ઉપર **Forgot Password** પર કલીક કરીને User Name માં તેનો SPID નંબર નાખવાથી OTP કે જે તેના રજીસ્ટર્ડ E-Mail ઉપરથી મળશે અને નવો પાસવર્ડ બનાવવાની એક લીંક મળશે જે લીંક ઉપર કલીક કરવાથી આવેલ OTP નાખીને પાસવર્ડ બનાવવાનો રહેશે.

વિદ્યાર્થીએ ખાસ નોંધ લેવી કે રજીસ્ટર્ડ E-Mail ઉપર આવેલ OTP ફકત ૩૦ મિનિટ સુધી જ માન્ય ગણાશે.

હવે, વેબસાઈટ vnsgu.net ઉપર વિદ્યાર્થીએ User Name માં તેના SPID નંબર અને સેટ કરેલા પાસવર્ડથી પોતાનું Dashboard ચેક કરવાનું રહેશે. વિદ્યાર્થીએ હવે પછી એક્ષટર્નલ અભ્યાસક્રમની પોતાની દરેક માહિતીઓ Student Dashboard થી મેળવવાની રહેશે.

Student Dashboard માં વિદ્યાર્થીનું નામ અને તેનો ફોટો, એનરોલમેન્ટ નંબર, SPID નંબર, એક્ષટર્નલ અભ્યાસનું નામ અને વર્ષ, પરીક્ષા કેન્દ્ર, પરીક્ષાના વિષયોના નામ, પરીક્ષાની હોલટીકીટ, પરીક્ષાની માર્કશીટ તથા ભરેલ પરીક્ષા ફોર્મની માહિતી જોવા મળશે. *(જો આ માહિતીમાં ભૂલ હોય તો તાકીદે યુનિવર્સિટીના એક્ષટર્નલ વિભાગમાં આધારપુરાવા સાથે સંપર્ક કરવો જેથી માહિતી સુધારી શકાય તથા મોબાઈલ, ઈ–મેઈલ, સરનામું વગેરે માહિતીને અપડેટ કરવી હોય તો તે પણ કરી શકાશે. જે કામગીરી ફકત યુનિવર્સિટી પરીક્ષા વિભાગના એક્ષટર્નલ વિભાગમાંથી જ કરી શકાશે.)*

Student Dashboard માં વિદ્યાર્થીને હવે પછીના વર્ષનું એક્ષટર્નલ ઓનલાઈન ફોર્મ ભરવાની લીંક, રી–એસેસમેન્ટ / રી–ચેકીંગ માટે Apply કરવાની લીંક, ડીગ્રી સર્ટીફિકેટ માટે Apply કરવાની લીંક સમયાતંરે ઉપલબ્ધ થશે. આ સમગ્ર પ્રક્રિયા અને તેનું પેમેન્ટ ઓનલાઈન મારફત જ થશે જેની ખાસ નોંધ લેવી.

વિદ્યાર્થીએ પોતાનો SPID નંબર અને Password કોઈને આપવો નહી તેમજ ખોવાઈ જાય નહી તેની ખાસ કાળજી લેવી.

વિદ્યાર્થીએ Dashboard ની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ Sign Out અવશ્ય કરવું.